**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૯.૭ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરમાં હવે, કઠોળનો વપરાશ વધ્યો

ગાંધીનગર, તા.૧૬
કોરોના વાયરસના સંક્રમણથી બચવા અર્થે શહેરીજનો સરકાર દ્વારા જણાવવામાં આવેલા તમામ તકેદારીના પગલાંનું પાલન કરી રહ્યા છે. કોરોના કેસમાં દિવસે દિવસે વધારો થતો જ રહ્યો છે અને રિકવરી પણ જણાઈ રહી છે પરંતુ સોશિયલ મીડિયા દ્વારા ખબર પડતાં કે ફળ અને શાકભાજી ખરીદતા પણ સંક્રમિત થયેલ શાકભાજી કે ફળ જો ઘરમાં આવી જાય તો કોરોના થવાની સંભાવના છે ત્યારે જ ના હોય તો શાકભાજી તથા ફળો ખાવાના બંધ જ કરી દીધા છે. સામે કઠોળ અને પનીરનું સેવન શરૂ કર્યું છે અને હાલમાં કઠોળના ભાવમાં વધારો થયો છે.

લૉકડાઉનના લીધે કઠોળ પહોંચાડતા વાહનોની અવરજવરના ખર્ચમાં વધારો થયો છે જે કારણે કઠોળનો પુરવઠો પહોંચાડવાની સમગ્ર પ્રક્રિયામાં અવરોધ આવી રહ્યા છે. જેને લીધે જથ્થાબંધ અને છૂટક બજારોમાં કઠોળના ભાવમાં અંદાજિત ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો છે. ખાસ કરીને ચણા, મસૂર, પીળી મગની દાળ અને તુવેરદાળના ભાવમાં વધારો થયો છે. જથ્થાબંધ માલના વેપારીઓના જણાવ્યા અનુસાર બગદાણામાં પ્રતિ કિલો ભાવ સો રૂપિયાથી વધીને ૧૧૪ રૂપિયા, મસૂરનો ભાવ ૭૦ રૂપિયા, લીલી મગની દાળનો ભાવ ૯૦ રૂપિયાથી વધીને ૧૦૫ રૂપિયા, ચણાનો ભાવ ૫૨ થી વધીને ૬૨ રૂપિયા, તુવેર દાળ ૭૧ રૂપિયાથી વધી ૭૬ રૂપિયા ઉપરાંત છૂટક ચણાનો ભાવ સો રૂપિયા ઉપર પણ થઈ ગયો છે. પ્રીમિયમ મગની દાળ નો ભાવ સો રૂપિયા હતો જે હવે ૧૫૦ રૂપિયા થઈ ગયો છે.

## સાઈબાબા મંદિર સેક્ટર-૩ ખાતે જરૂરિયાતમંદોને ભોજન



ગાંધીનગર, તા.૧૬
કોરોનાની મહામારી વચ્ચે લૉકડાઉનનાં કારણે કામધંધા ઠપ્પ થઈ ગયા છે. જેથી ઝૂપડપટ્ટીમાં વસતા શ્રમિકોને હાલાકી ભોગવી રહ્યા છે . સહિયર પરિવાર દ્વારા સેક્ટર-૩ સાઈબાબા મંદિર પાસે આવા ભૂખ્યાને ભોજન આપવાનુ સેવા કાર્ય ચાલી રહ્યુ છે. રોજના ૩૦૦ જેટલાં જરૂરિયતમંદોને જમવાનું આપવામાં આવે છે. સહિયર ગ્રુપના યુવાઓ અહી સોશીયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન પણ કરાવે છે સાથે આવનારા લોકોની તબીયત ચેક કરવામાં આવી રહી છે . ઉલ્લેખનીય છે કે કડી સર્વ વિદ્યાલય ખાતે અહી આપવામાં આવતા ભોજન તૈયાર કરવામાં આવે છે. અહીંથી આદિવાડા ગામમાં પણ ૩૦ જેટલાં પરિવારને જમવાનું પૂરું પાડવામાં આવે છે.

## ગાંધીનગર જિલ્લા પોલીસે ડ્રોનની મદદથી લોકડાઉનનો ભંગ કરતા ૧૬૧ કેસો નોંધાયા

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસ દરમ્યાન લોક ડાઉનની કડક અમલવારી દરમ્યાન ડ્રોનની મદદથી પોલીસે બાજ નજર રાખવાની શરૂઆત કરી હતી. જેમાં તા. ૨૩મી માર્ચ થી તા.૧૫ મી એપ્રિલ, ૨૦૨૦ દરમ્યાન ગાંધીનગરમાં ડ્રોનની મદદથી કુલ- ૧૬૧ કેસો કરવામાં આવ્યા છે, તેવું ડી.વાય.એસ.પી શ્રી એમ.જે.સોલંકીએ જણાવ્યું છે.

ડી.વાય.એસ.પી. શ્રી એમ.જે.સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસનું સંક્રમણ અટકાવવા માટે લોક ડાઉન કરવામાં આવ્યું હતું. લોક ડાઉન દરમ્યાન પણ ઘણા નાગરિકો પોતાની શેરીમાં એકઠા થતા હતા. તેમજ સોશ્યિલ ડિસ્ટન્સનું પાલન કર્યા વગર ટોળું વળી બેસી જતા હતા. કયાંક કયાંક તો શેરીઓ અને ખુલ્લા મેદાનમાં લોકો રમવાનું પણ શરૂ કર્યુ હતું.

આથી ગાંધીનગર જિલ્લા રેન્જ આઈ.જી. શ્રી મયંકસિંહ ચાવડા અને જિલ્લા પોલીસ વડા



શ્રી મયૂર ચાવડાના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લા પોલીસે લોક ડાઉનની કડક અમલવારી કરવા નગરજનો પર બાજ નજર રાખવા માટે ડ્રોનની મદદ લીધી હતી. ગાંધીનગર જિલ્લામાં તા. ૨૩ મી માર્ચ થી તા. ૧૫મી એપ્રિલ, ૨૦૨૦દરમ્યાન ડ્રોનની મદદથી કુલ- ૧૬૧ કેસો નોંધવામાં આવ્યા છે. જેમાં સોસાયટી/ફલેટના કોમન પ્લોટમાં એકઠા થયેલા હોય તેવા ૧૯ કેસો, સોસાયટી/ ફલેટના ગેટની બહાર એકઠા થયેલા હોય તેવા ૨૧ કેસો અને ખુલ્લા મેદાનમાં રમત રમવા એકઠા થયેલા હોય તેવા ૧૧ કેસ, રોડ ઉપર ફરતા જોવા મળેલા હોય તેવા ૪૩ કેસો અને બજાર કે માર્કેટમાં એકઠા થયેલા હોય તેવા ૨૪ કેસ નોંધવામાં આવ્યા છે.

તે ઉપરાંત જાહેરમાં ટોળું કરી બઠેલા હોય તેવા ૧૩ કેસો, શેરી ગલીમાં ભેગા થયેલા હોય તેવા ૧૦ કેસો, ગામની ભાગોળે એકઠા થયેલા હોય તેવા ૧૮ કેસો, પાન-ગલ્લા, દુકાન, ઓટલે, મંદિર, પાણીની ટાંકી અને તળાવ પાસે એકઠા થયેલા હોય તેવા ૧૨ કેસ નોંધવામાં આવ્યા છે. આમ ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ડ્રોનની મદદથી લોક ડાઉનની કડક અમલવારીમાં વધુ સરળતા આવી રહી છે.



ગાંધીનગર પ્રાંત અધિકારી શ્રી જે.અમે.ભોરણિયા અને તાલુકા વિકાસ અધિકારી શ્રી જી.એ.ધાંધલિયાએ ઉવારસદ અને શેરથા ગામોમા ઈંટોના ભઠ્ઠાઓની મુલાકાત લીધી હતી. ઈંટોના ભઠ્ઠામાં કામ કરતા શ્રમિકો ને અનાજ, રાશન, પૂરતા પ્રમાણમાં મળે છે કે કેમ તે અંગેની સમીક્ષા હાથ ધરી હતી. શ્રમિકોએ અનાજ, રાશન પૂરતા પ્રમાણમાં મળતા હોવાનું જણાવ્યું હતું. ઈંટના ભઠ્ઠા પર પીવાના પાણીમાં પૂરતા પ્રમાણમાં ક્લોરીનેશન કરવામાં આવે છે કે નહીં તે માટે શેરથા ગામના આરોગ્ય કાર્યકરને પાણીનું ટેસ્ટિંગ કરવા માટે માટે સૂચના આપી હતી.



રોગ પ્રતિકારક શકિત વધારતા ઉકાળાનું વિતરણ તેજ બનાવવામાં આવ્યુ છે. સેકટર-૫-સીમાં રહેતા કોર્પોરેટર હિરલબેન જોષી, રાકેશભાઈ પટેલ અને અન્ય વસાહતીઓ દ્વારા ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## જિલ્લામાં લૉકડાઉનની કડક અમલવારી કરાવતા પોલીસ જવાનોને સેવાકીય કામો માટે પણ સલામ

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર જિલ્લામાં નોવેલ કોરોના વાયરસના કારણે લોક ડાઉનની કડક અમલવારી થઈ રહી છે. આ કડક અમલવારી કરવા સતત ખડેપગે રહેતા પોલીસ જવાનો દ્વારા પોતાની ફરજ સાથે સાથે લોક સેવાનું કામ પણ ઉમદા રીતે કરવામાં આવી રહ્યું છે.

ગાંધીનગર જિલ્લાને લોક ડાઉન કરવામાં આવ્યો તે પછી ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્ર દ્વારા લોક ડાઉનની કડક અમલવારી માટે સતત કાર્યરત બન્યા છે. જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ગાંધીનગર જિલ્લા વાસીઓને કોરોના વાયરસ અંગેની જાગૃતિ આપવા માટે ગાંધીનગર શહેર સહિત અનેક ઠેકાણે માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી. આ માર્ચ પાસ્ટ દરમ્યાન સફાઈ કામદારોને સેનેટાઈઝર અને માસ્કનું વિતરણ પણ પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત જિલ્લાના વિવિધ સ્થળોએ શ્રમિકોને ભોજન



આપવાની સેવામાં પોલીસે મોટી મદદ અને સહાય કરીને માનવતાને જીવંત કરતા નજરે પડયા છે. તો કયાક બિન જરૂરી રીતે બહાર નીકળતા નાગરિકોને સમજવવાનું પણ કામ કરી રહ્યા છે.

આજે લોક ડાઉનના ૨૨ મા દિવસે પણ કડક અમલવારી સાથે ગાંધીનગર જિલ્લા પોલીસ તંત્રએ પોતાની માનવતા કામમાં સહભાગી બની પ્રેરણારૂપ બનવાનું કામ સતત ચાલું રાખ્યું છે. આજે ગાંધીનગરના અડાલજ પોલીસ મથક અને સેકટર-૭ પોલીસ મથકમાં પોલીસ કર્મીઓ દ્વારા શ્રમિકો અને ગરીબ પરિવારોને ભોજનની કિટસ આપવાનું કામ કરતાં નજરે પડયા હતા. સલામ છે, ગાંધીનગર પોલીસ જવાનોને...

## જિલ્લાના ૮ લાખથી વધુ લોકોને વિના મૂલ્યે આયુર્વેદ ઉકાળાનું વિતરણ

### ૩ લાખથી વધુ નાગરિકોને હોમિયોપેથી દવાનું વિના મૂલ્યે વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર જિલ્લામાં નાગરિકોમાં રોગ પ્રતિકારક શક્તિ વધે તે માટે આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા ૮,૬૮,૨૦૮ આયુર્વેદ ઉકાળાના ડોઝ અને ૩,૬૩,૫૭૫ હોમિયોપેથીક દવાના ડોઝનું જિલ્લાના વિવિધ સ્થળોથી વિતરણ કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના ૧૭ આયુર્વેદ અને ૭ હોમિયોપેથી દવાખાનામાં આયુર્વેદ અને હોમિયોપેથિક દવાઓ નિશુલ્ક આપવામાં આવે છે.

કોઈ પણ વાયરસ કે બેકટરિયાનું સંક્રમણ ત્યારે જ લાગે જયારે કોઈ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય. જયાં સુધી રોગ પ્રતિકારક શક્તિ સારી રહે ત્યાં સુધી તેને કોઈ પણ જાતનો ચેપ લાગતો નથી. આયુષ ચિકિત્સા પધ્ધતિ કે જેમાં આયુર્વેદ અને હોમિયોપેથી સારવારનો સમાવેશ થાય છે. જેના દ્વારા શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. આથી જ દેશના વડા





પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકોને કોરોના વાયરસથી બચવા માટે આયુર્વેદ અને હોમિયોપેથિક ઉપાય અને સારવાર અપનાવવા આહ્વાન કર્યું છે.

ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ અધિકારીની કચેરી, જિલ્લા પંચાયત દ્વારા જિલ્લાના નાગરિકોને આયુર્વેદ ઉકાળા અને હોમિયોપેથિક દવા, આર્સનિક આલ્બમ – ૩૦ પોટન્સીનું તા. ૨ માર્ચથી આજ દિન સુધી વિતરણ કરવામાં આવ્યું છે. ધારા – ૧૪૪ લાગુ થયા પછી એક જ જગ્યાએ ચાર કરતા વધુ લોકો ભેગા ન થાય તેનું ધ્યાન રાખી અને સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા માટે આશાબેનો અને યુવાઓની મદદથી ડોર ટુ ડોર ઉકાળા અને દવાનું વિતરણ ચાલું કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લામાં અત્યાર સુધીમાં ૮,૬૭,૨૦૮ નાગરિકોને ઉકાળાના ડોઝ અને ૩,૬૫,૫૭૫ નાગરિકોને હોમિયોપેથિક દવાના ડોઝનું વિતરણ કરવામાં આવ્યું છે.

તે ઉપરાંત નિયામકશ્રી, આયુષની કચેરી, ગુજરાત રાજયની માર્ગદર્શનથી સ્ટાફ નર્સિંગ કોલેજ, ગાંધીનગર અને રાંચરડા ખાતે કવોરન્ટાઈન કરાયેલા લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે તેમની પસંદગી મુજબ આયુર્વેદ કે હોમિયોપેથી સારવાર આપવામાં આવી છે.

આયુર્વેદ શાખા દ્વારા આયુર્વેદ સારવારમાં સંશમની વટી- ૨ ગોળી સવાર – સાંજ (હૂફાળા પાણી સાથે ૭ દિવસ) અને દશમૂળ કવાથ અને પથ્યાદિ કવાથ – ૪૦ મિ.લિ. અને ત્રિકટુ ચૂર્ણ (૨ ગ્રામ સવાર-સાંજ ૭ દિવસ) તેમજ હોમિયોપેથી સારવારમાં આર્સનિક આલ્બમ – ૩૦ પોટેન્સી – ૪ ગોળી સવાર સાંજ (ચાર દિવસ) અપાયેલ છે.



ઉનાળો શરૂ થયો છે ત્યારે ઠંડા પાણીની માંગ વધી છે. તરસ છીપાવવા માટે માટલાનું ઠંડું પાણી શ્રેષ્ઠ છે. ઉનાળો આકરો બની રહ્યો છે ત્યારે માટલાનું વેચાણ વધ્યુ છે. સેકટર-૭ના કોર્નર પાસે માટલા ખરીદવા ઘણી મહિલાઓ આવી રહી છે.

## પ્રેમસંબંધની જાણ થઈ જતા ઘરેથી ભાગેલી યુવતિની ૧૮૧ હેલ્પલાઈને મદદ કરી

ગાંધીનગર શહેરની યુવતિ ભાવના નામ બદલ્યુ છે. પ્રેમ સંબંધ અંગે તેના પરિવારને ખબર પડી ગઈ હતી. પરિવારજનો ઘરે મારશે અને બોલશે તેવા ભયથી ભાવના લોકડાઉન હોવા છતા પણ તે ઘરેથી નીકળી ગઈ હતી. ભાવના ઘરેથી નીકળી તો ગઈ પરંતુ કયા જવુ અને કેવી રીતે જવુ તેની ખબર ન પડતા તે એક ઘર પાસે બેસી ગઈ હતી. ત્યારે લોકડાઉનમાં ઘરે રહેલા નાગરીકે આ સ્થિતિ વચ્ચે ઘરેથી નીકળેલી ભાવના સાથે વાતચીત કરતા તેણે પોતાની પરિસ્થિતિની જાણ કરી હતી. જેને પગલે નાગરીકે ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈનને જાણ કરતા ટીમ તુરંત પહોંચી ગઈ હતી.૧૮૧ની ટીમે ભાવનાને તેના પરિવારને સમજાવવાનું જણાવ્યું હતું. ત્યારપછી ભાવનાને સેકટર-૭ પોલીસ મથકે લઈ જવાઈ હતી. ત્યારે તેના પરિવારના સભ્યો પણ દીકરી ગુમ થઈ ગઈ હોવાની જાણ કરવા ત્યાં આવી પહોંચ્યા હતા. પોલીસ મથકે તેના માતાપિતા ભાવનાને ઘરે લઈ જવા માટે તૈયાર હતા. પરંતુ ઘરના સભ્યો ઘરે જઈને મારશે તેવા ડરના પગલે તે ઘરે જવા માટે બિલકુલ તૈયાર ન હતી. જેથી હાલ ૧૮૧ ગાંધીનગરની ટીમે ભાવનાના માતા-પિતા ની મંજુરી લઈને તેને સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મોકલી આપી હતી.



ગાંધીનગર શહેર કોન્ગ્રેસ, **RTI Cell** ચેરમેન હેનીશકુમાર રાઠોડ ટીમ સાથે સેકટર-૨૩ ખાતે આવેલ રેશનીગની દુકાનમાં અનાજની ગુણવત્તા તપાસવા ગયા હતા, જયાં ફરજ પર વિજયભાઈ મકવાણા હાજર હતા, અનાજની ગુણવત્તા સંતોષકારક હોવાનુ જાણવા મળેલ, સાથે થર્મલ સ્કેનથી રેશનીગ દુકાનના કર્મચારીઓનું સ્કેનીગ કરી કોરોના મહામારીમા આરોગ્ય સુરક્ષાની તપાસ પણ કરવામાં આવી હતી.

## ગાંધીનગર જિલ્લામાં લૉકડાઉન દરમિયાન સિવિલ ડિફેન્સની પ્રસંશનીય કામગીરી

### ઉનાળાની ગરમીમાં પોલીસ તંત્ર સાથે ખડે પગે ઉભા રહી જનજાગૃતિ અંગેન પ્રયાસો કરતા સિવિલ ડિફેન્સના જવાનોની પોલીસે પ્રસંશા કરી





ગાંધીનગર, તા.૧૬
નોવેલ કોરોના કોવિડ-૧૯ વાઈરસને કારણે દેશભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે અને વાઈરસ સંક્રમણને અટકાવવા આ લૉકડાઉનનું યોગ્ય રીતે પાલન કરવામાં આવે તેવો સરકાર દ્વારા ભરપૂર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. લૉકડાઉનના અસરકારક અમલ માટે રાજય સરકાર પોલીસ તંત્રના તમામ વિભાગો ઉપરાંત હોમગાર્ડસ, એનસીસી તથા સિવિલ ડિફેન્સની સેવાઓ પણ લઈ રહી છે. ગાંધીનગર જિલ્લામાં સિવિલ ડિફેન્સની ટીમ દ્વારા પોલીસ તંત્ર સાથે ખભેખભા મિલાવીને ખડે પગે સેવાઓ આપવામાં આવી રહી છે.

ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની લેખિત સૂચનાને આધારે સિવિલ ડિફેન્સમાં ફરજ બજાવતા ડી.એન. ઝાલાના માર્ગદર્શન હેઠળ ચીફ વોર્ડન અંજના નિમાવત, લાયઝન ઓફિસર જયેશ પરમાર, સ્ટાફ ઓફિસર ગજેન્દ્રસિંહ બારડ, પાસ્ટ વોર્ડન મહાવીર નિમાવત, મહેશભાઈ દરજી, ટ્રેનિંગ ઈન્સ્ટ્રકટર ઉત્કર્ષ ગુપ્તા તથા સિવિલ ડિફેન્સના તમામ જવાનો કોરોના વાઈરસ અંગે જનજાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહ્યા છે. તેઓ લૉકડાઉનનો નજીવા કારણોસર ભંગ કરતા નાગરિકોને અત્યંત જરુરી કારણ વગર ઘરની બહાર ના નીકળવું જોઈએ તે સમજાવી લૉકડાઉનના નોર્મ્સ અંગે માર્ગદર્શન આપી રહ્યા છે. જિલ્લાની તમામ ચેકપોસ્ટ પર પોલીસ તંત્રના જવાનોની સાથે દિવસભર આકાશમાંથી વરસતી કાળઝાળ ગરમીમાં પણ સિવિલ ડિફેન્સના જવાનો જે રીતે વગર પગારે તેમની ફરજ નિભાવી રહ્યા છે તેની જિલ્લાના ડીવાયએસપી એમ.કે. રાણાએ પણ પ્રસંશા કરી છે અનો અભિનંદન પાઠવ્યા છે.